ક્રમાંક:- મઉમશબ/સંશોધન/ ૩૦૧૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર તા૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજય.

**વિષય**:- ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૨૦૧૮માં જિલ્લાની તમામ શાળાઓના ધો-૧૦ થી ધો-૧૨ના વિદ્યાર્થીઓને ભાગ લેવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં તમામ વર્ગોના વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓને વૈશ્વિકરણના સમયમાં કારકિર્દી અંગે ચોકકસ માર્ગદર્શન મળે, તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંગે ઉપયોગી માહિતી અને જાણકારી મળે તે હેતુથી રાજ્ય સરકારે તા.૨ થી ૪ ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી કન્વેશન સેન્ટર અમદાવાદ ખાતે ગ્રાન્ડ એજ્યુકેશન ફેર-૨૦૧૮નું આયોજન કરવાનો નિર્ણય કરેલ છે. ઉપરોકત કાર્યક્રમનું ઉદઘાટન માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે તા.૦૨/૦૨/૨૦૧૮ના રોજ બપોરે ૨:૦૦ કલાકે કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમમાં રાજ્યના ધો-૧૦ થી ધો-૧૨ ના વિદ્યાર્થીઓ સહિત તમામ કોલેજોના વિદ્યાર્થીઓ, રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, રાજ્યમાં શિક્ષણ સંલગ્ન સંસ્થાઓ, રાજ્યમાં વિદેશ અભ્યાસ માટે કેરીયર કાઉન્સેલિંગ કરતી સંસ્થાઓ, વિદેશ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને બેંક લોન આપતી બેંકો તેમજ રાજ્યના અધ્યાપકો અને આમ જનતા સહિત તમામ લાભાર્થીઓ ભાગ લેનાર છે.

આ કાર્યક્રમનુ સફળતાપૂર્વક આયોજન થાય તે માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે અને કાર્યક્રમનો વધુમાં વધુ લાભ રાજ્યના વિદ્યાર્થીઓ અને વાલીઓ લે તેવો રાજ્ય સરકારનો અભિગમ અને આશય છે. તો આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરશો.

સચિવ

**(આર.આઇ.પટેલ)**
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર